## પુસ્તક પ્રાપ્તિ

જાન્યુઆરી માસ દરમિયાન નીચે મુજબનાં પુસ્તકો ગાંધીનગર સમાચારને મળ્યાં છે, જેની સાભાર નોંધ લેવામાં આવે છે.




**ખોવાઈ ગયેલું ગામ**
નવલિકા સંગ્રહ
લેખક : માવજી મહેશ્વરી
પ્રકાશક : હર્ષ પ્રકાશન
પ્રાપ્તિસ્થાન : ગૂર્જર સાહિત્ય ભવન (ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂ. ૧૩૦




**પુનરુત્થાન**
નવલકથા
લેખક : ડો. નવીન વિભાકર
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, અમદાવાદ (ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂ. ૨૦૦




**પ્રતિશોધ**
નવલકથા
લેખક : ડો. નવીન વિભાકર
પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, અમદાવાદ (ફોન : ૨૨૧૪૪૬૬૩)
કિંમત : રૂ. ૨૦૦

## ડાયરેક્ટ ❤ સે

આપણાં માબાપ
આપણા માટે
આજીવન
‘એટીએમ કાર્ડ’
બની રહે છે
આપણે એમના માટે
‘આધાર કાર્ડ’
ના બની શકીએ ?

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ (૩ડી અંગ્રેજી)
૮.૦૦
**સ્ક્રીન-૪**
ધ ફૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦
**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

# સર્વ વિદ્યાલય પરિસરમાં અફલાતૂન ચિત્ર પ્રદર્શન







ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત કલાકુંભ અંતર્ગત તૈયાર થયેલાં ચિત્રોનું પ્રદર્શન સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજવામાં આવ્યું છે, જે આગામી ૧ ફેબ્રુઆરી સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે. તારીખ પાંચમી જાન્યુઆરીથી નવમી જાન્યુઆરી દરમિયાન કલાકુંભ : ૨૦૧૬-૧૭ અંતર્ગત રંગોળી, કૅનવાસ પેઈન્ટિંગ અને ચિત્ર સ્પર્ધાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થા સંચાલિત સઘળી શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ આયોજનને વધારે સફળ બનાવવા તેમજ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે તમામ ચિત્રોનું પ્રદર્શન અને વેચાણ કડી કૅમ્પસના પીટીસી હૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યું છે. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન ૨૪ જાન્યુઆરી ને મંગળવારના રોજ સવારે ૧૦ કલાકે લલિતકલા અકાદમીના પૂર્વ સચિવ અને ખ્યાત ચિત્રકાર રમેશભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચૅરમૅન વલ્લભભાઈ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કલાકુંભ : ૨૦૧૬-૧૭ અંતર્ગત ચિત્ર સ્પર્ધાના પ્રાથમિક વિભાગમાં શ્રીમતી આર ઍન પટેલ સ્કૂલની વિદ્યાર્થીની ડિમ્પલ મકવાણા, કૅનવાસ પેઈન્ટિંગમાં શ્રીમતી આર સી પટેલ સ્કૂલના વિદ્યાર્થી હિમાલય પરવાના, રંગોળી સ્પર્ધામાં ઍમ બી પટેલ સ્કૂલની વિદ્યાર્થીની ચાહના દવે, કૉલેજ વિભાગની કૅનવાસ પૅઈન્ટિંગ સ્પર્ધામાં શૈલી વ્યાસ અને રંગોળી સ્પર્ધામાં ધરાંગી પટેલ વિજેતા બન્યાં હતાં.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સારુ આ પ્રદર્શન નિહાળવા, પસંદગીનાં ચિત્રો ખરીદવા માટે સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા કલાપ્રેમી નાગરિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### આર જી પટેલ સ્કૂલ ખાતે

# વિદ્યાર્થીઓની માનસિક શક્તિ ખીલવવા પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ માધ્યમિક વિભાગ અને ઍસ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, સૅક્ટર-૨૩ ખાતો વિદ્યાર્થીઓની માનસિક શક્તિ ખીલવવા અંગે પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓમાં ઈચ્છાશક્તિ, આત્મશક્તિ તથા માનસિક શક્તિઓને કેવી રીતે જાગ્રત કરી શકાય તો માટે શાળામાં વિદ્યાર્થીઓનાં જીવનને કેળવવા વૈજ્ઞાનિક ઢબે, પ્રાયોગિક રૂપે આ પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. કુકરવાડાના વતની શૈલેષકુમાર મફતલાલ પટેલે આ વિષયે વિદ્યાર્થીઓને વિગતે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓની અભ્યાસમાં રૂચિ વધે, તેઓ શારીરિક-માનસિક રીતે સ્વસ્થ રહે, રોગમુક્ત જીવનશૈલી અપનાવે તે માટે તેમને સુંદર વિચારો અર્પણ કર્યા હતા અને આ વિષયે વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલોના સંતોષકારક ઉત્તરો પાઠવ્યા હતા.



ગાંધીનગરની એસ.જી પ્રાથમિક શાળામાં ધો-પમાં અભ્યાસ કરતાં બાળકોએ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. ધો- ૫ એ, બી, સી, ડી, ઈ બધા જ વર્ગના કુલ ૩૦૦ બાળકોએ વૃદ્ધાશ્રમના વડીલોને સહાનુભૂતિ મળે તે હેતુથી અમદાવાદ ખાતે આવેલ હીરામણી કેમ્પસમાં આવેલ જીવન સાંધ્ય કુટીરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમ રજૂ કરી વડીલોને આનંદિત કર્યા હતા તેમજ વડીલો એ બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા.

# ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં સ્પોર્ટ્સ ડે ઉજવાયો



ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં દોડ, ગોળાફેક, લાંબીકુદ, રસ્સાખેંચ અને સ્લો સાઈકલિંગ જેવી રમતોમાં ઉત્સાહપૂર્વક વિદ્યાર્થીનીઓઅભાગ લીધો હતો. કોલેજમાં રમતોત્સવમાં ૧૦૦ મી.દોડ, ગોળાફેક, લાંબીકુદ, રસ્સાખેંચ, અને સ્લો સાઈકલિંગ જેવી આઉટ ડોર રમતોની સાથે સાથે ચેસ, કેરમ, અને ટેબલ ટેનિસ જેવી ઈન્ડોર રમતોમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પોર્ટ્સ ડેના આયોજનમાં કોલેજના ઉપાચાર્ય ડૉ. પ્રણવભાઈ જોષીપુરા, સ્પોર્ટ્સ ડાયરેકટર હરેશભાઈ પટેલ, અધ્યાપકગણ, વહીવટી સ્ટાફના સભ્યો તેમજ વિદ્યાર્થીની મંડળના અનેરા ઉત્સાહથી ‘‘અહી ભાગ લેવો તે જ જીત છે’’ની ભાવના વ્યક્ત કરી હતી.

# આર જી - ઍસ બી પટેલ સ્કૂલ દ્વારા મતદાતા અધિકાર દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

મતદાન અધિકાર દિવસની ઉજવણી પ્રસંગે બુધવારે શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર ખાતે સવારે ૭.૩૦ કલાકે ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થીનીઓએ ૧૫ મિનિટ યોગાસનો કર્યાં હતાં. ત્યારબાદ નારણભાઈ બારોટે મતદાન કરવું એ આપણી ફરજ છે, એમ જણાવી મતદાનની મહત્તા સમજાવી હતી. ઍનઍસઍસ સ્વયંસેવક રીયા અને કનીષાએ મતદાન પ્રતિજ્ઞા પત્રનું વાચન કર્યું હતું. આ ઉજવણીમાં આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર્સ અને સમગ્ર સ્ટાફ પણ વિદ્યાર્થીઓ સાથે જોડાયો હતો. કાર્યક્રમનું સંચાલન ઉર્વશીબેન અને ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર આર જી પટેલે કર્યું હતું.

# જીઆઈપીઍસ દ્વારા ૨૭મીએ વાઈબ્રન્ટ જીઆઈપીઍસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ઈન્ટરનૅશનલ પબ્લિક સ્કૂલ દ્વારા ૨૭મી જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ જીઆઈપીઍસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે લેખક કાજલ ઓઝા ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં પ્રાર્થના, વિભિન્ન રાજ્યોના પ્રાદેશિક ડાન્સ, ડ્રામા, ફોક ફ્યુઝન ડાન્સ, સ્પોર્ટ્સ જેવી કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવશે, એમ સ્કૂલની આ અંગેની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીકમાં ખેલકૂદ મહોત્સવ






ગાંધીનગર, તા. ૨૫

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનીક, સૅક્ટર-૨૨ ખાતે વિદ્યાર્થીઓનો ખેલકૂદ ઉત્સવ ‘સ્પ્રિંગ ફેસ્ટ-૨૦૧૭’ યોજવામાં આવ્યો હતો, જેનું ઉદ્ઘાટન જીટીયુના રજિસ્ટ્રાર ડૉ. જે સી લીલાણી, હરિવલ્લભ સ્વામી, રામકૃષ્ણ સ્વામી, અક્ષરપ્રકાશ સ્વામી અને પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા મશાલ સાથે પરેડ તથા ગણેશ વંદનાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ડૉ. જે સી લીલાણીએ આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું હતું કે પ્રત્યેક વિદ્યાર્થીમાં કોઈ ને કોઈ આંતરિક શક્તિ રહેલી છે. વિદ્યાર્થીએ તેને પારખીને પછી તે જ ક્ષેત્રમાં પોતાની કારકિર્દીનું ઘડતર કરવું જોઈએ.

રામકૃષ્ણ સ્વામીએ વિદ્યાર્થીઓને સમાજમાં ઉચ્ચ સ્થાન અને પ્રગતિ પ્રાપ્ત કરે તેવા આશીર્વચન પાઠવ્યાં હતાં.

ઉલ્લેખનીય છે કે સ્પ્રિંગ ફેસ્ટ અંતર્ગત એક સપ્તાહના કાર્યક્રમમાં વિવિધ રમતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં આવશે.

## જન્મદિને વધામણી



પલ્લવી પુરુષોત્તમ પરીખ
એડવોકેટ
શહેર સંગઠન મંત્રી, ભાજપ



કિર્તીરાજ એમ પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



તમન્ના સંજય વર્મા
મો. ૯૮૯૮૧ ૦૬૫૫૯



તરાના સંજય વર્મા
મો. ૯૮૯૮૧ ૦૬૫૫૯



વ્યોમ વિપુલકુમાર પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧



મુકેશભાઈ ગુજ્જર
આશાપુરા ગૃપ
મો. ૮૩૪૭૧ ૬૩૪૧૭



સંજીવની રાકેશભાઈ પગી
મો. ૯૯૦૯૪ ૯૫૪૬૮



કનુજી ઠાકોર

## વાચકોને આમંત્રણ

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**‘મારી જીવન પ્રેરણા’**